ગાંધીનગર સમાચાર





પૂજ્ય બાપુને પુષ્પાંજલિ : ગાંધી જયંતિની પાવન પ્રભાતે વિધાનસભા સંકુલ સ્થિત ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ કાર્યક્રમનો વિવિધ રાજકીય પક્ષના રાજકીય કાર્યકરો વહેલી સવારથી જ ઉમટ્યા હતા. વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ સહિત ભાજપના કાર્યકરો અને કાઉન્સિલરો પુષ્પાંજલિમાં જોડાયા હતા. તો બીજી તરફ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીથ વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી સહિત કોંગ્રેસના કાર્યકરોએ પણ ગાંધીબાપુના ચરણે પૂષ્પો અર્પણ કર્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિએ મેયર શ્રીમતિ હંસાબેન મોદી પુષ્પાંજલિ અર્પણ કરવા જવામાં એકલા અટુલા પડી ગયા હતા.

● ભાજપાના આગેવાનો પણ છૂટક છૂટક એકલા એકલા પુષ્પાંજલિ માટે આવ્યા હતા. જ્યારે કોંગ્રેસના આગેવાનોએ સમૂહમાં પુષ્પાંજલિ અર્પી બાપુને નમન કરી રઘુપતિ રાઘવ રાજા રામનું ગાન કર્યું હતું.

● ગાંધીનગર જિલ્લામાં નશાબંધી સપ્તાહ કાર્યક્રમનો પ્રારંભ આજે નારદીપુરથી થયો હતો.

● ગાંધીનગર શહેરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ યુનિ. ઈન્ટરઝોન સ્પર્ધામાં ભાગ લેવા અમદાવાદ પહોંચ્યા છે.

● ટાઉનહોલ ખાતે યોજાતા પીડ પરાઈ જાણે રે કાર્યક્રમમાં ભારતીય ગાદીને બદલે ખુરશીઓ મુકાઈ હતી.

● આજે ભારત દ. આફ્રિકાની ૨૦-૨૦ને કારણે સાંજે માર્ગો સુમસામ બની ગયા હતા.

# સાસરીયાઓના ત્રાસથી ૨૧ વર્ષની પરિણીતાનો આપઘાત

### મગોડી ગામની પરિણીતાના આપઘાત બાદ પિયર પક્ષેથી પાંચ સાસરીયાઓ સામે દહેજ માંગી ત્રાસ અપાતો હોવાની આપઘાત કર્યો હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૨

મગોડી ગામમાં રહેતી ૨૧ વર્ષિય પરિણીતાએ ગઈ સાંજે પોતાની સાસરીમાં દવા પી ને આપઘાત કરી લીધો હતો. પિયર પક્ષ દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી છે કે પતિ સહિત પાંચ સાસરીયાઓએ મળીને દહેજની માંગણી કરી શારીરિક-માનસીક ત્રાસ આપી આપઘાત કરવા દુસ્પ્રેરણ કર્યું છે. પોલીસે પાંચ સામે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

મગોડી ગામની ૨૧ વર્ષિય પરિણીતા પાયલ કુલદિપસિંહ વાઘેલાએ દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં પિયરના ગિરવતસિંહ હિંમતસિંહ ગોહીલે ચિલોડા પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે કે પાયલના આપઘાત પાછળ સાસરીયાઓનો ત્રાસ કારણભૂત છે. સાસરીયાઓ દ્વારા ૪ થી ૫ લાખની દહેજની માંગણી કરી હતી. તે સંતોષવામાં ન આવતા પાયલને શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હોવાથી કંટાળીને પાયલે આ પગલુ ભર્યુ છે. ગિરવતસિંહની ફરીયાદને આધારે ચિલોડા પોલીસો કુલદીપસિંહ કરશનસિંહ વાઘેલા, વિષ્ણુબા કિશનસિંહ વાઘેલા, કિશનસિંહ પુંજાજી વાઘેલા, શિતલબેન નરેન્દ્રસિંહ વાઘેલા અને નરેન્દ્રસિંહ કરશનસિંહ વાઘેલા મળી પાંચ સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા જીઈબી સેવા વસ્તીમાં વિતરણ

ગાંધીનગર, તા. ૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શહેરની જીઈબી સેવા વસ્તીમાં બાળકોને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ હતું. આંગણવાડીમાં તમામ બાળકોને નાસ્તો કરાવ્યો હતો. ધો-૧ થી૪માં ભણતા વિદ્યાર્થીને પેન્સિલ, રબર તથા ધો-૫ થી૮ના વિદ્યાર્થીઓને બોલપેનનું વિતરણ કરાયું હતું.

સેવા કાર્યમાં નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્લોક ઘાટે, જયરાજ સોલંકી, રીશીરાશ યાદવ હાજર રહ્યા હતા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી વિભિન્ન પ્રકારના કાર્ય કરવામાં આવે છે.

# પૂ. બાપુને ખૂલ્લા પત્ર દ્વારા ફિક્સ પગારદાર કર્મચારીઓનો અનોખો વિરોધ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારના આશરે ૪ લાખથી વધુ ફિક્સ પગાર કર્મચારીઓના પ્રતિનિધિઓ દ્વારા ફિક્સ પે વેતન નીતિનો આશ્ચર્યજનક રીતે વિરોધ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ કર્મચારીઓએ આજે ગાંધી આશ્રમ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને ખુલ્લો પત્ર લખી ફિક્સ પગાર નીતિ દ્વારા શોષણ કરતી સરકારથી બચાવવા અપીલ કરી હતી. આ ઉપરાંત આ કર્મચારીઓ દ્વારા આગામી દિવસોમાં બ્લેક સેટરડે, દશેરાએ ફિક્સ પે નીતિના રાવણનું દહન, રન ફોર ફુલ પે, શેરી નાટકો તથા આવેદનપત્રો આપવાના કાર્યક્રમો યોજવાની જાહેરાત કરી તેમની લડતને અસરકારક બનાવવાના સંકેત પણ આપ્યા હતા.

ગુજરાતમાં આશરે ૪ લાખથી વધુ કર્મચારીઓ ફિક્સ પગારથી વિવિધ સરકારી કાર્યાલયોમાં નોકરી કરી રહ્યા છે. આ કર્મચારીઓ પાસે જોબચાર્ટ સિવાયનું કામ કરાવવું, રજાના દિવસે કામે બોલાવવા, સરકારની વાહવાહ થાય તેવા કાર્યક્રમોમાં ફરજ સોંપવી અને સરકારનો પ્રચાર થાય તેવા કામોમાં સતત વ્યસ્ત રાખી કુટુંબથી દૂર રાખવા જેવા આક્ષેપો ગાંધીજીને લખવામાં આવેલા ખુલ્લા પત્રમાં કરવામાં આવ્યા છે. તેમણે પટેલ અનામત આંદોલનકારીઓને સતત બંધારણના પાઠ ભણાવતી સરકાર પર બંધારણને ઘોળીને પી જવાનો તથા ફિક્સ પગાર નીતિ સામે ગુજરાત હાઈકોર્ટનો 'સમાન કામ, સમાન વેતન' ચુકાદાનો અનાદર કરવાનો આક્ષેપ પણ મુક્યો છે. ફરજ દરમ્યાન મોતને ભેટેલા ફિક્સ પગારદાર કર્મચારીને શહીદ ગણી મળવાપાત્ર લાભોના ચુકવણી સરકાર કરતા અંગ્રેજોને સારા ગણાવના પત્રમાં પૂ. બાપુ સમક્ષ સરકારને સદ્‌બુદ્ધિ આપવા પ્રાર્થના કરી છે. આ સાથે તેમણે આગામી ચૂંટણીઓમાં આશ્ચર્યજનક કાર્યક્રમોની ગર્ભિત ચિમકી પણ ઉચ્ચારી છે.



**સ્વચ્છતા અભિયાનની ડસ્ટબીનનો 'કૂલ' ઉપયોગ**

મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરેક સરકારી કાર્યાલયને કચરાના નિકાલ માટે ડસ્ટબીન ફાળવવામાં આવી હતી. સરકારી યોજનાઓના હરહંમેશ મોટા દેખાડા પછી વાસ્તવિક પરિસ્થિતિ જે સર્જાય છે તેનો તાદૃશ્ય ચિતાર જુના સચિવાલયના એસબીઆઈ બેંકના એટીએમમાં જોવા મળી રહ્યો છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવેલ ડસ્ટબીનનો એટીએમના એસીમાંથી નીકળી રહેલા વેસ્ટ પાણીના નિકાલ માટે ઉપયોગ કરાઈ રહ્યો છે.

# લેકાવાડામાં ૧૬ વર્ષની કિશોરીનો અગ્નિસ્નાન કરી લઈ આપઘાત

### કેરોસીન છાંટીને કિશોરીએ કોઈ કારણોસર પોતાના ભાઈના ઘરે જ શરીરે દિવાસળી ચાંપી દેતા ચકચાર

ગાંધીનગર, તા.૨

મહેસાણાની મુળ રહેવાસી અને હાલ બે મહિનાથી લેકાવાડા ગામમાં પોતાના ભાઈ ભાભીના ઘરે રહેવા આવેલી ૧૬ વર્ષની કિશોરીએ આજે બપોરે પોતાના શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતાચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પીએસઆઈ રાજપુતે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મહેસાણામાં રહેતી ૧૬ વર્ષીય શારદા નાથાભાઈ ડોડીયા છેલ્લા બે માસથી ગાંધીનગર નજીકના લેકાવાડા ગામમાં રહેતા તેણીના ભાઈ ભાભીના ઘરે રહેવા આવી હતી. કોઈ અગમ્ય કારણોસર આજે બપોરે એક વાગ્યાના અરસામાં તેણીએ શરીરે કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી દઈ આપઘાત કરી લીધો હતો. ગંભીર હાલતમાં શારદાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી પરંતુ હાલત ખુબ ગંભીર જણાતા તેણીને અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવી હતી. દરમિયાન બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં કિશોરીનું પ્રાણ પંખેરું સારવાર દરમિયાન ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પીએસઆઈ આર.એસ. રાજપુતે આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.



ગાંધી જયંતિના અવસરે ખાદીનું કાપડ અને વસ્ત્રો પર ખાસ ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે. ખાદીની ખરીદીને પ્રોત્સાહન મળે તે માટે ગાંધી જયંતિના અવસરે કુટીર અને ગ્રામોદ્યોગ કમિશનર શ્રી એસ.જે. હૈદરે ખાદી ભવનની મુલાકાત લઈ ખાદીના વસ્ત્રોની ખરીદી કરી હતી.

# છ વર્ષથી શિક્ષકોની ભરતી જ ન કરાતાં શાળાઓ ચલાવવી મુશ્કેલ છે

### ગાંધીનગર ખાતે યોજાયેલ ઉત્તર વિભાગના અધિવેશનમાં પડતર પ્રશ્નોની ચર્ચા, શાળા સંચાલક મંડળના પડતર પ્રશ્નો ઉકેલવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા ઉત્તર ઝોન




વિભાગીય અધિવેશન શહેરની જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય સેક્ટર-૭ ગાંધીનગર ખાતે યોજાયું હતું. શાળા સંચાલકોના પડતર પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાત જિલ્લાના શાળા સંચાલકો હાજર રહ્યા હતા.

શહેરની જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલા શાળા સંચાલકોના પડતર પ્રશ્નોને વાચા આપવા એકત્ર થયા હતા. જેમાં તેમના અગત્યના પ્રશ્નોમાં ૨૦૦૯ના વર્ષથી રાજયની શાળાઓમાં એક પણ શિક્ષકની ભરતી કરવામાં આવી નથી. રાજ્યમાં કુલ ૯૮૦૬ શિક્ષકોની ઘટ છે. જેને પરિણામે રાજ્યની દરેક શાળામાં બે શિક્ષકની ઘટ પડે છે. જ્યાં શિક્ષક નથી ત્યાં રાજ્ય સરકાર સારા પરિણામની આશા રાખે છે. ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાને ગ્રાન્ટ નહિ મળે, જ્યારે સરકાર દ્વારા જે ગ્રાન્ટ મળે છે તે નિભાવ ગ્રાન્ટ છે. અને નિભાવ ગ્રાન્ટ શૈક્ષણિક સાથે જોડી શકાય નહી તેમજ સરકારે શિક્ષકોની ભરતી વખતે શાળા સંચાલકોને ગ્રેસીંગ માર્ક મુકવાની છુટ હતી. તે પણ હવે રહી નથી. જ્યારે તંત્ર દ્વારા વારંવાર એસ્મા લગાવવાનું કહે છે. તેવા પ્રશ્નો ઉઠ્યા હતા. જ્યારે સંચાલક મંડળના પ્રમુખે જણાવ્યું હતું કે સરકાર જોડે મંડળની વાતચીત ચાલુ છે. જ્યારે આષાગા પ્રશ્નોના અનેક કેસ પણ હાઈકોર્ટ સુપ્રિમકોર્ટમાં છે અને ટુંક સમયમાં આપણા તરફી ચુકાદો આવશે જ્યારે રાજ્યના તમામ શાળા સંચાલકોને એક જુથ થવાની હાંકલ કરી હતી. અને આપણે એક જુથ હશુ તો જ કોઈ યોગ્ય નિર્ણય લઈ શકીશુ. ૧૬ અઠવાડિયામાં આપણા પડતર પ્રશ્નોનો નિકાલ આવશે. જ્યારે ઉપસ્થિત સંચાલકોએ શાળાને તાળાબાંધી તેમજ સરકારમાં રજીસ્ટર પાછુ આપી છે તેવા ઉગ્ર દેખાવો કરવાનું સૂચન કર્યું હતું. વધુમાં શાળા સંચાલક દ્વારા નસવાડી તેમજ ક્વાંટ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણકાર્ય ચાલુ કર્યું છે. ત્યાં માત્ર એક જ શિક્ષક તમામ વિષયનો અભ્યાસ વિદ્યાર્થીઓને કરાવે છે. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે હાજર રહેલા જાણીતા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ તેમજ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પ્રાસંગિક પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. સંચાલક મંડળના પ્રમુખ અંબુકાકા, વિજયભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, એમ.કે. ચૌધરી, આર.સી. પટેલ, દિનેશ ચૌધરી સહિત મોટી સંખ્યામાં શાળા સંચાલકો હાજર રહ્યા હતા.

# જિલ્લાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સુઘડ ખાતે યોજાશે

### ૭ થી ૯ ઓક્ટો. દરમ્યાન આ પ્રદર્શનમાં ૧૦૦થી વધુ બાળકો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૭, ૮ અને ૯ ઓક્ટો.ના રોજ ગાંધીનગર તાલુકાના સુઘડ ખાતે યોજવામાં આવશે.

સાતમીએ બપોર બાદ સ્પર્ધકો ભાગ લેવા સુઘડ આવી પહોંચશે અને સાંજે તેનું વિધિવત્‌ ઉદ્‌ઘાટન થશે. આ પછી ૮ અને ૯ ઓક્ટો. દરમ્યાન આ પ્રદર્શન જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે. જિલ્લાના તમામ તાલુકાઓ અને ગાંધીનગર શહેરમાંથી પસંદગી પામેલ ૫૦થી વધુ કૃતિઓ ૧૦૦થી વધુ બાળકો દ્વારા રજુ થશે. પાંચ જેટલા વિભાગોમાં આ કૃતિઓ રજુ થનાર છે. આ અંગેના આયોજનને આખરી કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર સહિત તમામ તાલુકાઓમાં આ સપ્તાહ દરમ્યાન આ પ્રદર્શનો સંપન્ન થયા છે. આ ગણિત-વિજ્ઞાનના પ્રદર્શનને આ વખતે સારૂ આકર્ષણ જમાવ્યુ છે. જે ઉલ્લેખનીય છે.

# રાજ્યમાં સ્કીલ ડેવલપમેન્ટ પોર્ટલ શરૂ કરવા સરકારની વિચારણા

ગાંધીનગર, તા. ૨

રાજ્યના યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટ અંગે યોગ્ય માર્ગદર્શન મળે તે માટે સ્કીલ ડેવલપમેન્ટ પોર્ટલ શરૂ કરવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે.

શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રાજ્ય સરકાર અને વિભાગ દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ કરવામાં આવેલ કામગીરી અંગેનું એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન દરમ્યાન સ્કીલ ડેવલપમેન્ટ અંગે એક મત એવો પણ વ્યક્ત કરવામાં આવ્યો છે કે રાજ્યના યુવાનો કે જે અન્ય દેશમાં કામ અર્થે જતાં હોય તેઓને આવા દેશની ભાષાનું કંઈક અંશે જ્ઞાન હોય તો તે ઉપયોગી થાય તેમ છે. આ ઉપરાંત રાજ્યની સ્ટ્રેટજી એ પ્રકારની હોય કે જે બાબતોએ કોઈ તાલીમની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય તે ક્ષેત્રોમાં પદાર્પણ કરવામાં આવે તેવું સૂચન પણ આ બેઠકમાં કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જેણે પ્રાદેશિક ભાષામાં સ્કીલ ડેવલપમેન્ટ માટેની ઓડીયો વિઝ્યુઅલ ડીવાઈસ પ્રકાશિત કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અન્ય વિભાગ દ્વારા પણ બે પ્રકારના સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમો અમલમાં છે જે અંતર્ગત માર્કેટ સર્વે કરીને ૮ જેટલા વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર પીપીપી મોડ હેઠળ ચલાવવામાં આવે છે.